11/C

રાજ્યના માનવ વિકાસ સુચકાંકની વૃદ્ધિને
અનુલક્ષીને વિકાસ યોજનાઓના સર્વેક્ષણ/
મૂલ્યાંકન/અસરકારકતાંના અભ્યાસો
ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ
સોસાયટી(GSIDBS) ને વિના ટેન્ડરે સોંપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ(આ),
ઠરાવ ક્રમાંક સઅબ- ૧૦૨૦૦૮-૨૪૧૪-ઠ,
સચિવાલય, ગાંધીનગર.
તા: ૧૦/૦૭/૨૦૦૯

વંચાણે લીધાં: (૧). સા.વ.વિ.(આ)નો તા. ૧૨/૪/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક સઅબ/102006-1699-સ.
(૨) નિયામકશ્રી માનવ વિકાસનો પત્ર ક્રમાંક મનવ- GSIDBS-બા.સ્રો.એ.-૦૮, તા.૧૧/૧૧/૨૦૦૮

<u>આમુખ</u>

રાજ્યના છેવાડાના લોકોનું જીવનધોરણ સુધારવા તથા તેમની મુળભૂત જરૂરિયાતો સંતોષવાના ઉદ્દેશથી શિક્ષણ, મહિલા-બાળ કલ્યાણ, પ્રજનન અને બાળ-આરોગ્ય (Reproductive Health), પર્યાવરણ, પાણીપુરવઠો, સેનીટેશન, રોજગારલક્ષી પ્રશ્નો(Livelihood Linked Issues) અને માનવ વિકાસ સંબંધિત સમસ્યાઓ હલ કરવા રાજ્ય સરકાર વિવિધ હેતુલક્ષી કાર્યક્રમો હાથ ધરે છે. જેથી માનવ વિકાસ સૂચકાંકમાં વૃદ્ધિ લાવી શકાય. રાજ્ય સરકારના આ ઉદ્દેશ્યને ધ્યાને રાખીને જુદા-જુદા વિભાગો વિવિધ પ્રકારની અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકે છે. આ યોજનાઓ વધુ સુદ્દઢ અને પરિણામલક્ષી બનાવવામાં મદદરૂપ થવાના હેતુથી રાજ્ય સરકારે સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)ના વહીવટી નિયંત્રણ હેઠળ માનવ વિકાસ નિયામકશ્રીની કચેરીની સ્થાપના કરેલ છે. આ સાથે માનવ વિકાસ સુચકાંકની વૃદ્ધિને ઝડપી બનાવવા, યોગ્ય પગલા સૂચવવા, આર્થિક સર્વેક્ષણ કરવા, અભ્યાસો હાથ ધરવા, કાર્યક્રમોની અસરકારકતાનું વિશ્લેષણ કરવા માટે સર્વેક્ષણો હાથ ધરવા અને બીજા અનેકવિધ કાર્યો માટે ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટી (GSIDBS) ની સ્થાપના કરવામાં આવેલ છે.

ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટીને તેના ઉદ્દેશો પાર પાડવા માટે રાજ્યના વિકાસલક્ષી કાર્યક્રમોના સામાજિક-આર્થિક સર્વેક્ષણો, કાર્યક્રમોની અસરકારકતા અંગેના વિશ્લેષણો (Impact Assessment ) તથા મુલ્યાંકન અભ્યાસો હાથ ધરવા માટે વધુ સ્વાયત્તતાની દરખાસ્ત નિયામકશ્રી, માનવ વિકાસ -વ- સભ્ય સચિવ GSIDBS દ્વારા થયેલ છે. જે પરત્વે પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર નીચે મુજબ ઠરાવે છે.

<u>ઠરાવ</u>

રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા સામાન્ય જનસમુહ માટે અમલમાં મૂકાતા કાર્યક્મો જેવા કે શિક્ષણ, મહિલા-બાળ વિકાસ, પ્રજનન અને બાળ-આરોગ્ય, પર્યાવરણ, પાણીપૂરવઠો, સેનીટેશન, રોજગારલક્ષી પ્રશ્નો અને માનવ વિકાસ સંબંધિત સમસ્યાઓ હલ કરવા રાજ્ય સરકાર વિવિધ હેતુલક્ષી યોજનાઓ હાથ ધરે છે. આ કાર્યક્મો અસરકારક રીતે લોકો સુધી પહોંચે અને પરિણામલક્ષી બને તે હેતુથી સદર કાર્યક્મોના સામાજિક-આર્થિક સર્વેક્ષણો, ~~કાર્યક્મોની અસરકારકતા અંગેના વિશ્લેષણો (Impact Assessment ) તથા મુલ્યાંકન, અભ્યાસો~~ હાથ ધરવા માટે સચિવાલયના વિવિધ વિભાગો દ્વારા Third Party Evaluation Agency તરીકે ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટીને "વિના ટેન્ડરે" કામગીરી સોંપવા ઠરાવવામાં આવે છે. રાજ્યના વિવિધ વિભાગો તેમના કાર્યક્રમોના અભ્યાસ માટે વિના ટેન્ડરે GSIDBS ને કામગીરી સોંપી શકશે તેમ ઠરાવવામાં આવે છે.

૨. રાજ્યમાં માનવ વિકાસની કામગીરીને નજર સમક્ષ રાખીને સ્વતંત્ર વિષય નિષ્ણાતો/ તજજ્ઞ સસ્થાઓ મારફતે લોક કલ્યાણની માનવ વિકાસને સ્પર્શતી વિવિધ યોજનાઓનું Third Party Evaluation કરાવવા માટે ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટી દ્વારા નિયત કરેલ રાષ્ટ્રિય કક્ષાની તજજ્ઞ સંસ્થાઓ, વિષય નિષ્ણાતો પૈકી વિષય નિષ્ણાતોની જાહેર નિવિદા આપી પસંદગી પ્રકિયા બાદ આખરી કરવામાં આવનાર છે. જે ઉકત સોસાયટી દ્વારા અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે. આ યાદી પૈકી કોઇપણ એજન્સીને સદર પ્રકારના Evaluation ની કામગીરી સોંપી શકાશે, અભ્યાસનું કાર્યક્ષેત્ર, વ્યાપ તેમજ ફી જેવી આનુષાંગિક બાબતો નક્કી કરવા માટે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.

૧. અગ્ર સચિવશ્રી (આયોજન)

૨. સચિવાલયના સંબંધિત વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/સચિવશ્રી

3. સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ.

૪. નિયામકશ્રી, માનવ વિકાસ

13/8 31

૫. જે તે વિભાગના ખાતાના વડા ( જે વિભાગનો મુલ્યાંકન અભ્યાસ હાથ ધરવાનો હોય તે વિભાગના ખાતાના વડા)

૬. નિયામકશ્રી, મુલ્યાંકન કાર્યાલય- સભ્ય સચિવ

૭. પ્રતિષ્ઠિત નાગરિક – કો. ઓપ્ટ

૮. વિષય નિષ્ણાત - કો.ઓપ્ટ

૨.૧ આ સમિતિમાં નિયામકશ્રી, મુલ્યાંકન કાર્યાલય, જે વિષયનું Third Party Evaluation કરવાની દરખાસ્ત રજુ થવા પામે તે Evaluation માટેની કામગીરી, કામગીરીનું કાર્યક્ષેત્ર, વ્યાપ તેમજ ફી વગેરે જેવી તમામ આનુષાંગિક બાબતોમાં સમિતિને માર્ગદર્શન આપવાની કામગીરી બજાવશે.

૨.૨. આ સમિતિ ૨ (બે) કો-ઓપ્ટ સભ્યોની નિયુક્તિ કરી શકશે. જેમાં એક સભ્ય વરિષ્ઠ નાગરિક કે જે તેમની સામાજિક સેવાઓને લીધે સમાજમાં પ્રતિષ્ઠિત નાગરિકનો મોભો ધરાવતા હોય, જેથી તેમના બહોળા જ્ઞાન-અનુભવનો દષ્ટિકોણ પ્રાપ્ત કરી શકાય. તદઉપરાંત બીજા કો ઓપ્ટ સભ્ય તરીકે જે વિષયનું Third Party મુલ્યાંકન કરાવવાનું હોય તે વિષયને અનુરૂપ તજજ્ઞ સેવાઓ બજાવેલ હોય તેવા ભૂતપૂર્વ સચિવ કે ખાતાના વડાને સામેલ કરી શકાશે. જે વિષયનો રિપોર્ટ તૈયાર થાય તે Academic Report હોવા ઉપરાંત Good Governance માટેનો Landmark રિપોર્ટ બને તે હેતુથી કો.ઓપ્ટ સભ્યોની નિયુક્તિ અગ્ર સચિવશ્રી (આયોજન) સમિતિના પરામર્શમાં કરી શકશે.

3. ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટીને તેમજ જે સંસ્થાને અભ્યાસ સોંપવામાં આવેલ હોય તે સંસ્થાને જે યોજનાનો અભ્યાસ/ મુલ્યાંકન કરવાનુ હોય તે બાબતે ચોક્કસ પ્રકારનું માર્ગદશન અને દિશાસૂચન મળી રહે તે માટે સલાહકાર (Mentor) ની વ્યવસ્થા કરી શકાશે. આ સલાહકાર ની વ્યવસ્થા માટે ભૂતકાળમાં વિષય નિષ્ણાંત કે આવા પ્રકારની કામગીરી સાથે સંકળાયેલા હોય તેવા વર્તમાન કે ભૂતકાળમાં સેવાઓ બજાવી ગયેલ હોય તેવા વિષયની ઊંડી( Deep) જાણકારી ધરાવતા હોય તેવા વર્તમાન કે નિવૃત સચિવશ્રી, ખાતાના વડા, કે વિષય નિષ્ણાંત (Expert) ને Mentor તરીકે લેવા માટે વિચારણા કરી શકાશે. આ પ્રકારે Mentor ની વ્યવસ્થા કરવાની વિચારણા અગ્રસચિવશ્રી (આયોજન) દ્વારા આખરી કરવામાં આવશે અને તેઓને (Mentorને) સમિતિ નક્કી કરે તે મુજબનું માનદ વેતન પણ ચૂકવી શકાશે.

૪. સચિવાલયના વિભાગો/બોર્ડ/ કોર્પોરેશનોએ પ્રસ્તુત અભ્યાસો સોંપતા પહેલા નીચે મુજબની કાર્ય પદ્ધતિ અપનાવવાની રહેશે.

૪.૧ સચિવાલયના સબંધિત વહીવટી વિભાગો જે યોજના/યોજનાઓનું Third Party Evaluation/ મૂલ્યાંકન અભ્યાસ કરાવવા માગતા હોય તે યોજના /યોજનાઓ અંગેની વિગતો સાથેની દરખાસ્ત ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટી, માનવ વિકાસ નિયામકની કચેરી. સેક્ટર -૧૮ ,ગાંધીનગરને મોકલી આપવાની રહેશે.

૪.૨ જે યોજનાનો Third Party Evaluation/સર્વે/મૂલ્યાંકન અભ્યાસ કરાવવા માગતા હોય તે માટેની શરતો અને બોલીઓ સબંધિત વિભાગ તેમજ ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટી, ગાંધીનગર અરસ પરસના પરામર્શમાં નક્કી કરવાની રહેશે.

૪.3 ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટીને Third Party Evaluation/મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવા માટે કામગીરી સોંપવામાં આવે તે અભ્યાસ/ મૂલ્યાંકનના હેતુ માટે સોસાયટી દ્વારા નક્કી કરવામાં આવેલ નિષ્ણાત સંસ્થાઓ/તજજ્ઞની યાદી ગુજરાત સામાજીક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટીની વિચારણાને આધીન છે, જે ઉક્ત સોસાયટી દ્વારા અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે. આ યાદી પ્રતિવર્ષ સમીક્ષા કરી તેમાં નવા નિષ્ણાતો ઉમેરવા તથા રદ કરવામાં આવશે. તેમાંથી જે તે વિભાગ એજન્સીનું નામ સૂચવી શકશે પરંતુ અભ્યાસ કઇ સંસ્થાને /તજજ્ઞને સોંપવો તે અંગેનો આખરી નિર્ણય ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટીની ઉક્ત રચવામાં આવેલ સમિતિ દ્વારા આખરી કરવામાં આવશે.

૪.૪ અભ્યાસ અહેવાલ/ Third Party Evaluation નો મુસદ્દો સમિતિમાં રજુ કરવાનો રહેશે અને સમિતિની આખરી મંજૂરી મળ્યા બાદ જ તે રિપોર્ટ આખરી અહેવાલ તરીકે પ્રસિધ્ધ કરવાનો રહેશે.

૫. ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટી દ્વારા અભ્યાસ અહેવાલ/ Third Party Evaluation અહેવાલ આખરી કરીને સંબંધિત વિભાગને નિયત સમય મર્યાદામાં મોકલી આપવાનો રહેશે. અને તે અહેવાલની ભલામણોના આધારે સંબંધિત વિભાગોએ અમલીકરણમાં સુધારાત્મક ફેરફારો કરવા અંગે સરકારશ્રી કક્ષાએ મંજૂરી મેળવીને નિર્ણય કરવાનો રહેશે. અને તે અંગેની જાણ નિયામકશ્રી માનવ વિકાસ અને સભ્ય સચિવશ્રી, ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટી, ગાંધીનગરને પણ કરવાની રહેશે.

૬. ગુજરાત સામાજિક આંતરમાળખાકીય વિકાસ બોર્ડ સોસાયટીને વિના ટેન્ડરે કામગીરી સોંપવા માટેની બાબતે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા:- ૨૨/૧૦/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક: એસપીઆઇ- ૧૦૨૦૦૫-૧૪૦૫-ચ ની જોગવાઇઓમાં જરૂરી છુટછાટ આપવા સંદર્ભમાં સરખાં ક્રમાંકની ફાઇલ ઉપર ઉદ્યોગ અને ખાણ વિભાગની તા- ૧૫/૧૧/૨૦૦૮ અને નાણા વિભાગની તા ૧૮/૧૧/૨૦૦૮ ની નોંધથી મંજૂરી મળેલ છે. આ હુકમો સરકારશ્રીની તા:- ૨૦/૫/૨૦૦૯ ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. બી. ભાવસાર)
ઉપ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ (આયોજન)
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (આયોજન) ના અંગત સચિવશ્રી.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી
સચિવાલયના સર્વે વિભાગો.
નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર, સેક્ટર-૧૮, ગાંધીનગર.
નિયામકશ્રી, મૂલ્યાંકન કાર્યાલય, સેક્ટર-૧૮, ગાંધીનગર.
નિયામકશ્રી, માનવ વિકાસ, સેક્ટર-૧૮, ગાંધીનગર.
સભ્ય સચિવશ્રી, ગુજરાત સામાજિક આંતર માળખાકીય વિકાસ બોર્ડ સોસાયટી, સેક્ટર-૧૮, ગાંધીનગર.
સચિવાલયના વિભાગો હેઠળના સર્વે ખાતાના વડાઓ (રવાનગી યાદી મુજબ)
સામન્ય વહીવટ વિભાગ (આયોજન) ના સર્વે અધિકારીશ્રીઓ.
સામન્ય વહીવટ વિભાગ (આયોજન) ની સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઇલ.